ઊડતી નજરે

સુંદરપરા પાસે કારમાં દારૂની હેરાફેરી કરતા ચાર પકડાયા

પ્રાચી, તા.૧૯

સુત્રાપાડા પંથકના સુંદરપરા ટોલનાકા પાસે એલસીબીએ વોચ ગોઠવી કારમાં દારૂની હેરફેર કરતા ડીનાના નવાઝશા ઈસુભશા શાહમદાર, જુનેદ આબીદ મકવા, અલીમહમદ હારૂક બેલીમ અને મુજમ્મલ ખર્મેન્દ્રબીહાલને ઝડપી પાડ્યા હતા. ટીમે કારમાંથી દારૂની ૧૭૪ બોટલ અને મોબાઈલ સહિત કુલ રૂ.૧,૪૭,૯૬૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ શખ્સોની પૂછપરછમાં વેરાવળના કોળીવાડામાં રહેતા મનુરાયએ દારૂ મંગાવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પાંચેય સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ભારવાડા ગામે પ્રૌઢે ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી

પોરબંદર, તા.૧૯

ભારવાડા ગામે નવાપરામાં રહેતા કેશુભાઈ મેલંદભાઈ ઓડેદરા (ઉ.વ.૪૮)એ એકલવાઈ જિંદગીથી કંટાળીને તેના મકાનના વાડામાં આવેલા વૃક્ષ સાથે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

પોરબંદરમાં કારમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ મળી

પોરબંદર, તા.૧૯

પોરબંદરના મીલપરા ગેરી નં.૧માં લાડવા ડેલાની સામેની ગલીમાં રહેતા કારાભાઈ મુચકારના ઘર પાસે એક કાર પડી હતી. એ કારમાં પોલીસે તપાસ કરતા વિદેશી દારૂની ૨૪ બોટલ કિંમત રૂ.૧૫,૧૮૦ની મળી હતી. તેથી કાર અને દારૂ કબ્જે કરીને પોલીસે કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

કોડીનાર હાઈવેની હોટલમાં થયેલી ચોરીનો આરોપી ઝડપાયો

વેરાવળ, તા.૧૯

કોડીનાર-વેરાવળ બાયપાસ રોડ પર આવેલી સ્વાદ રેસ્ટોરન્ટમાંથી ટેબલના ખાનામાંથી રૂા.૧૦ હજારની રોકડ તથા એક મોબાઈલની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. નીર સોમનાથ પોલીસે આ ચોરીની ઘટનામાં જાંબોવાલેય દર્શનામ તાલુકાના હાર્દિક પ્રવિણસિંહ ગોહાણને ઝડપી પાડી મોબાઈલ, રોકડ અને બાઈક સહિત રૂા.૪૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પોરસજરની કાર્યવાહી હાથ ધરી છે.

સંકુલ ફી સ્ટ્રક્ચર ૨૬-૨૭

વિગત	ચાર્જિસ
ન્યૂઝ કોલેજ(Pay.Soc-Eng.)	૧૬,૧૦૦
કોમર્સ કોલેજ(બન્ને મીડીયમ)	૨૦,૧૦૦
સાયંસ કોલેજ(બાઈફો-BT)	૨૮,૬૦૦
B.C.A. કોલેજ	૨૮,૬૦૦
B.B.A. કોલેજ	૨૧,૬૦૦
M.A. કોલેજ(Pay.Soc-Eng.)	૨૦,૧૦૦
M.Com. કોલેજ(બન્ને મીડીયમ)	૨૦,૧૦૦
M.Sc. કોલેજ(બાઈફો-BT)	૨૦,૦૦૦
PG-DMLT કોલેજ	૨૦,૦૦૦
P.T.C. કોલેજ	૨૦,૦૦૦
B.Ed. કોલેજ	૨૧,૦૦૦
M.B.A. કોલેજ	૨૫,૦૦૦
M.C.A. કોલેજ	૨૫,૦૦૦
B.Pharm. કોલેજ	૬૦,૦૦૦
M.Pharm. કોલેજ	૬૦,૦૦૦
ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮	૨૫,૦૦૦
ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨	૨૮,૨૦૦
ગર્લ્સ હોસ્ટેલ FY થી PG	૩૧,૧૦૦

શ્રી બામરેલી જિલ્લા લેઉવા પ્રદેશ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ કુલ મુકુ કોલેજ કોલેજ
ન્યાય-નીચી લાંબોળ લીમ્બડી ત્રણેય રોકડિયા
સુકુ(વાલ), સાકરવા રોડ, અમરેલી. ૯૮૦૧

ખેતીની મોસમમાં ડીઝલની તંગી, ખેડૂતો ચિંતિત

ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ડીઝલની તંગી સર્જાઈ છે. સુત્રાપાડાના લોઢવા ગામે વહેલી સવારથી ટ્રેક્ટર સાથે ખેડૂતો પેટ્રોલ પંપ પર ઉમટી પડ્યા હતા. ડીઝલ મળતું ન હોવાથી ઉનાળુ પાકની વાલ્લી અને ચોમાસુ વાવેતર અટકી જતા ધરતીપુત્રો ચિંતામાં મુકાયા છે. માણાવદર તાલુકામાં ડીઝલની અછતથી ખાસ કરીને ખેડૂતો મુંઝવણમાં મુકાઈ ગયા છે. સરાડીયા ગામે આવેલા પેટ્રોલ પંપ પર ડીઝલ મેળવવા માટે ટ્રેક્ટર સહિતના વાહનોની લાંબી કતારો લાગી હતી.

જૂનાગઢ જિલ્લામાં ખેતીની સીઝન ટાણે જ ડીઝલની ભયંકર તંગી

ખેડૂતોના આખી રાત પંપ પર ઉજાગરા છતાં મળે છે માત્ર 'ટીપું' ડીઝલ !

જૂનાગઢ, તા.૧૯

હાલ ઉનાળુ પાક ઊતારવાની અને આગામી ચોમાસુ વાવણી માટે ખેતરો તૈયાર કરવાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. અનેક ખેડૂતો ઓરવીને (પિયત આપીને) વહેલું વાવેતર કરવાની તૈયારીઓમાં જોતરાયા છે. આવા સમયે જુનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ડીઝલની અચાનક ભારે તંગી સર્જાતા ખેડૂતો ભારે મુશ્કેલ-વ્યાકુળ બન્યા છે અને જગતના તાતમાં સરકાર સામે ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. ટ્રેક્ટર વિના ખેતીના કામો કેવા થઈ જાય છે. ખેડૂતો પોતાના ટ્રેક્ટર માટે અને સામાન્ય પ્રજા પોતાના વાહનો માટે ડીઝલ મેળવવા પેટ્રોલ પંપો પર દર-દર ભટકી રહી છે. આવા કરોડોની સમયે જુનાગઢ મહાનગરપાલિકાના શાસકોને જાણે આ નિયમો કે અપીલ લાગુ જ ન પડતી હોય તેવો વરવો ઘાટ ઘડાયો છે.

ખેડૂતોના આખી રાત પંપ પર ધામા

હાલ ઉનાળુ પાક ઊતારવાની અને આગામી ચોમાસુ વાવણી માટે ખેતરો તૈયાર કરવાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. અનેક ખેડૂતો ઓરવીને (પિયત આપીને) વહેલું વાવેતર કરવાની તૈયારીઓમાં જોતરાયા છે. આવા સમયે જુનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ડીઝલની અચાનક ભારે તંગી સર્જાતા ખેડૂતો ભારે મુશ્કેલ-વ્યાકુળ બન્યા છે અને જગતના તાતમાં સરકાર સામે ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. માણાવદર તાલુકામાં ડીઝલની અછતથી ખાસ કરીને ખેડૂતો મુંઝવણમાં મુકાઈ ગયા છે. સરાડીયા ગામે આવેલા પેટ્રોલ પંપ પર ડીઝલ મેળવવા માટે ટ્રેક્ટર સહિતના વાહનોની લાંબી કતારો લાગી હતી.

ડીઝલ ભરવા ખેડૂતોની ભારે ધક્કામુક્કી

ગામ તેમ છે ત્યારે જ ટ્રેક્ટરના મુખ્ય ઊપણ એવા ડીઝલની અછત વર્તાતા ખેડૂતો લાચાર બન્યા છે. હાલ ગ્રામ્ય વિસ્તારોના મોટાભાગના પેટ્રોલ પંપો પર માત્ર રાત્રિના સમયે જ ડીઝલની મર્યાદિત જથ્થો આવી રહ્યો છે. આથી, ખેડૂતો રાત્રિના સમયે ડીઝલ મેળવવા માટે પંપો પર વાહનો અને કેન લઈને આખી રાત લાઈનો લગાવીને બેસી રહે છે. આટલા ઉજાગરા અને હાલાકી વેઠ્યા બાદ પણ પંપ સંચાલકો દ્વારા પૂરતો જથ્થો આપવાને બદલે માત્ર થોડું જ ડીઝલ આપવામાં આવી રહ્યું છે જેનાથી ખેતીના કામો અધૂરા રહી જાય છે. એક તરફ વાવાઝોડા કે ચોમાસા પૂર્વે ખેડૂતો વહેલી તકે પોતાના ખેતરો તૈયાર કરી લેવા માંગે છે ત્યારે બીજી તરફ વધીઘટી તંત્ર અને પેટ્રોલિયમ કંપનીઓની ઘોર બેદરકારીને કારણે ખેડૂતોનો કિંમતી સમય લાઈનોમાં વેડફાઈ રહ્યો છે. જો આગામી દિવસોમાં જુનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ડીઝલનો પૂરતો જથ્થો તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવામાં નહીં આવે તો ખેડૂતોને ચોમાસુ પાકના વાવેતરમાં મોટો ફટકો પડશે અને આ મુદ્દે ઉગ્ર આંદોલન થાય તેવી શક્યતાઓ વર્ચાઈ રહી છે.

સતત લાઈનોમાં ઊભા રહેતા ખેડૂતોમાં ભારોભાર રોષ

ખેડૂતોએ રોષભેર અને વેદના સાથે જણાવ્યું છે કે, ખેડૂત ગમે તેટલી મહેનત કરે પણ અંતે તો તેને લાઈનમાં જ ઊભા રહેવાનો વારો આવે છે. ખેતી માટે ખાતર લેવું હોય તો લાઈન, પોતાની જણસ વેચવી હોય તો લાઈન, જણસ વેચવા માટે ટેકાના ભાવનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું હોય તો લાઈન, જમીનના સાત-બારના ઉતારા કઢાવવા હોય તો પણ લાઈન અને હવે આ બધું ઓછું હોય તેમ ખેતીના મુખ્ય આધાર સમાન ડીઝલ લેવા માટે પણ ખેડૂતોને રાત-દિવસ લાઈનોમાં ધક્કા ખાવા પડી રહ્યા છે.

આધુનિક યુગમાં બળદગાડા અને જૂના ઓજારો ભૂતકાળ બન્યા છે ત્યારે ખેતીનો આધાર ટ્રેક્ટરનો મુખ્ય ખોરાક ખૂટી પડ્યો

પીએમની અપીલને જૂનાગઢના પદાધિકારીઓ ઘોળીને પી ગયા

જનતા ડીઝલ માટે પરેશાન, મનપાના શાસકોના ગાંધીનગરમાં આંટાફેરા

જૂનાગઢ, તા.૧૯

સમગ્ર દેશ અને રાજ્યમાં હાલ ડીઝલની ભારે અછત પ્રવર્તી રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે દેશના વડાપ્રધાન પોતે નાગરિકોને ઈંધણનો વિવેકપૂર્ણ અને ઓછામાં ઓછો ઉપયોગ કરવા અપીલ કરી રહ્યા છે. ખેડૂતો પોતાના ટ્રેક્ટર માટે અને સામાન્ય પ્રજા પોતાના વાહનો માટે ડીઝલ મેળવવા પેટ્રોલ પંપો પર દર-દર ભટકી રહી છે. આવા કરોડોની સમયે જુનાગઢ મહાનગરપાલિકાના શાસકોને જાણે આ નિયમો કે અપીલ લાગુ જ ન પડતી હોય તેવો વરવો ઘાટ ઘડાયો છે.

ટ્રેન મારફતે જઈને ઈંધણ અને સરકારી નાણાંની બચત કરી શક્યા હોત પરંતુ પ્રજાના પૈસે મળતી સત્તા અને વૈભવના નશામાં શાસકો ચૂર

વડાપ્રધાનની અપીલના લીરેલીરા ઉડ્યા હોય તેમ જુનાગઢ મનપાના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા સહિતના પદાધિકારીઓ સરકારી ગાડીઓ કાફલો લઈને ગાંધીનગર દોડી ગયા હતા. મનપાના વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ આ પદાધિકારીઓ દર અઠવાડિયે એક વાર સરકારી ખર્ચે અને સરકારી ડીઝલ ફૂંકીને ગાંધીનગર ઉપડી જાય છે. જ્યારે સામાન્ય જનતા ડીઝલના એક-એક ટીપા માટે હેરાન થઈ રહી છે ત્યારે જુનાગઢ મનપાના શાસકો ટ્રેન મારફતે ગાંધીનગર જઈને ઈંધણ અને સરકારી નાણાંની બચત કરી શક્યા હોત પરંતુ પ્રજાના ટેક્સના પૈસે મળતી સત્તા અને વૈભવના નશામાં ચૂર શાસકોએ સરકારી ગાડીઓ દોડાવવાનું વધુ યોગ્ય સમજ્યું જેને પગલે શહેરીજનો અને ખેડૂતોમાં ભારે વિવાદ અને આક્રોશ ફાટી નીકળ્યો છે.

એક તરફ સામાન્ય માણસ આર્થિક સંકટ અને અછતનો સામનો કરી રહ્યો છે ત્યારે બીજી તરફ જનતાના સેવક હોવાનો દાવો કરતા શાસકો માત્ર પોતાની હાજરી પુરાવવા સરકારી સંસાધનોનો બેફામ ભચાડ કરી રહ્યા છે.

ગાંધીનગરના આ આંધળા આંટાફેરા પાછળ કેટલું સરકારી ડીઝલ ધુમાડે કરવામાં આવ્યું અને તેનાથી જુનાગઢની જનતાને શું ફાયદો થયો તેવા પારદાર સવાલો હવે લોકો પૂછી રહ્યા છે.

ડીઝલની અછતને લીધે ફટકો

કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં કઠોળની આવક અનિશ્ચિત મુદત માટે બંધ

કોડીનાર, તા.૧૯

કોડીનાર માર્કેટિંગ યાર્ડ દ્વારા આજથી કઠોળની આવક સંપૂર્ણપણે બંધ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. માર્કેટિંગ યાર્ડના આ અણધાર્યા નિર્ણયથી સ્થાનિક ખેડૂતો અને વેપારીઓ બંને ભારે ચિંતામાં મુકાયા છે.

ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ખોરવાતા મગ, અડદ અને તલના વેપાર પર બ્રેક,ખેડૂતો-વેપારીઓમાં ચિંતા

કોડીનાર માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી પિયુષભાઈ બારોડે જણાવ્યું હતું કે, હાલ ડીઝલની કટોકટીને કારણે પરિવહન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. કોડીનાર યાર્ડમાં આવતા કઠોળનો મોટો જથ્થો અન્ય રાજ્યોના બજારોમાં મોકલવામાં આવે છે. પરંતુ ટ્રકોના સમયસર ઉપલબ્ધ ન થતાં ખરીદાયેલો માલ અટવાઈ જવાની અને બગડી જવાની પૂરેપૂરી શક્યતા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે હાલ પુરતી કઠોળની આવક બંધ કરાઈ છે. અને, અન્ય કૃષિ જણસોની આવક અને ખરીદી રાબેતા મુજબ ચાલુ રહેશે.

હાલ ચોમાસાની આગામી સિઝન માટે ખેતરો તૈયાર કરવાનો ખુબ જ મહત્વનો સમય ચાલી રહ્યો છે. ખેડૂતો પોતાનો પાક વેચીને આગામી વાવેતર માટે બીજ, ખાતર અને મજૂરીના ખર્ચની વ્યવસ્થા કરતા હોય છે. ખરીદી બંધ થતાં ખેડૂતો પાસે પાકનો સંગ્રહ કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી, જેના કારણે ગ્રામ્ય અર્થતંત્ર ખોરવાઈ જવાનો ભય છે. બીજી તરફ વેપારીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. ઉપલબ્ધ ગણતરીની ટ્રકોના ભાડામાં તોતિંગ વધારો ઝીંકાયો હોવાથી વેપાર કરવો નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે.

બરડા વિસ્તારમાં ધરતીપુત્રોને બેવડી હાલાકી

ઈંધણ મેળવવા પેટ્રોલ પમ્પ પર અને પાકવીમા માટે બેંકે લાઈનો

પોરબંદર, તા.૧૯

પોરબંદરના બરડા વિસ્તારના ખેડૂતોને પેટ્રોલ ડિઝલ મેળવવા માટે કલાકો સુધી પેટ્રોલપંપે લાઈનમાં ઊભા રહેવાનો વારો આવ્યો છે તો બીજી તરફ બેન્કમાં પાકવીમાની કામગીરી માટે પણ લાઈનો લાગી હોઈ ધરતીપુત્રોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

બેન્કના ખાડે ગયેલા વહીવટને લીધે ખેડૂતોને પેનલ્ટી ભરવાનો વારો, બગવદર અને ખાંભોદરમાં રોષ

બરડા પંથના બગવદર અને ખાંભોદર સહિતના ગ્રામ્ય પંથકમાં મોટા પ્રમાણમાં ટ્રક અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને વધુ માત્રામાં ડીઝલ જોઈએ છે પરંતુ માત્ર ૨૦ લિટર જ આપવામાં આવે છે અને તેમાં પણ કલાકો સુધી લાઈનમાં રાહ જોવી પડે છે.

બીજી તરફ રાજ્ય સરકારની કી કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ ખેડૂતોને મળતી ૭ ટકા વ્યાજ રાહતના કલેમ સમયસર જમા ન થતા ખેડૂતોમાં ભારે નારાજગી ફેલાઈ છે. આ બંને પ્રશ્ને શિવદૂત સંસ્થા દ્વારા પોરબંદર જિલ્લા પુરવઠા વિભાગની બેદરકારી અને નેતાઓની નિષ્ક્રિયતા વિશે ઠકોર કરીને આક્રોશપૂર્ણ રજૂઆત થઈ છે.

વડીલો, દિવ્યાંગને રિક્ષામાં લઈ જઈ વાહવાહી જ મેળવી

શિવરાત્રિ મેળામાં તંત્રએ જશ લીધો પરંતુ રિક્ષા ચાલકોને ભાડું ન ચૂકવ્યું

જૂનાગઢ, તા.૧૯

મહાશિવરાત્રી મેળામાં વડીલો, દિવ્યાંગને મેળામાં લઈ જવા માટે ગિરનાર દરવાજાથી તળેટી સુધી રિક્ષાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તંત્ર દ્વારા જે તે વખતે આ વ્યવસ્થાના નામે વાહવાહી કરાવી જશ લેવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી ૫૦ રિક્ષાચાલકોને તેનું ભાડું ચુકવ્યું નથી તેથી રિક્ષા ચાલકોનો સંગ્રહનો અવાજ ઉઠવ્યો છે.

ભાડે રિક્ષા ચલાવતા અને ભાડાના ઘરમાં રહેતા અનેક રિક્ષા ચાલકોની કફોડી હાલત

ગત ફેબ્રુઆરી માસમાં ભવનાથમાં મહાશિવરાત્રી મેળો યોજાયો હતો. જેમાં વાહનના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. વૃદ્ધ, અશક્ત, દિવ્યાંગો